

## ‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’માંથી દષ્ટિનું પરિણમન અને દષ્ટિનો વિષય સંબંધિત વચનામૃતો

આત્મા જ્ઞાન અને સુખથી ભરેલો છે. પછી આપણે જોઈએ પણ શું? (લોકો) જન્મ-મરણથી છૂટવા ચાહે છે, પરંતુ હું તો જન્મ-મરણથી રહિત ધ્રુવ છું. ઉત્પાદ-વ્યયની સાથે પણ હું ખસતો નથી. (૨૫૧)

***

હું જ પુરુષાર્થની ખાણ છું ને! દષ્ટિએ પુરુષાર્થની ખાણનો કબજો લઈ લીધો પછી પર્યાયમાં પુરુષાર્થ, સુખ વગેરે સહજ થાય જ છે. (૨૫૫)

***

મોતને બાઝે તો તાવથી છૂટે છે એમ ‘પરિણામ મારાથી સર્વથા ભિન્ન છે’ - (એવું જોર દેવાથી) દષ્ટિ ત્યારે જ પરિણામથી છૂટે છે. (૨૬૯)

***

‘શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ’ તેમાં પર્યાપ્ત વાત બતાવી દીધી છે, પછી જે બધી વાત આવે છે તે તો ‘પરલક્ષી જ્ઞાનની નિર્મળતા’ માટે સહજ હો તો હો. (૨૮૧)

***

દષ્ટિની અપેક્ષાએ ચરિત્રનો અનંતગુણ પુરુષાર્થ છે, પરંતુ તેની પણ મુખ્યતા નથી. (કારણ કે તે પણ પર્યાય છે); દષ્ટિના વિષયની મુખ્યતામાં તેની પણ ગૌણતા જ રહે છે. (૨૮૨)

***

પ્રશ્ન :- સમ્યગ્દર્શનનો વિષયભૂત આત્મા કેવો છે ?

ઉત્તર :- સમ્યગ્દર્શનનો વિષયભૂત આત્મા ધ્રુવ, અભેદ, એકરૂપ, શુદ્ધ, અખંડ, કૂટસ્થ, અપરિણામી છે. (૨૮૬)

***

એક સમયની પર્યાયને છોડીને જે સામાન્ય વસ્તુ રહી જાય છે તે જ દષ્ટિનો વિષય છે. (૨૮૯)

***

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૪૬ : અંક–૨૭૦, વર્ષ–૨૪, જૂન–૨૦૨૦

**અષાઢ વદ ૫, ગુરુવાર, તા.૭-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર**
**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૭૬ પ્રવચન-૨૮**

આગમનો સાર આવી ગયો. આગમનો આ સાર છે, એ યોગસાર. જેને આત્માનું હિત કરવું હોય એણે ક્યાં જોડાણ કરવું ને ક્યાંથી ખસવું? મુદ્દાની વાત છે. જેને આત્માનું હિત એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવો ધર્મ પ્રગટ કરવો હોય તો એણે આત્માનો સ્વભાવ પરિપૂર્ણ છે તેના ઉપર એણે દૃષ્ટિ દેવી અને રાગાદિ, નિમિત્તિદાથી, ભેદઆદિથી દૃષ્ટિ ખસેડવી. એમ અહીંયાં 'યોગસાર'માં કહેવામાં આવે છે.

હવે અહીંયાં કહે છે, **'આત્માના ગુણોની શુદ્ધ ભાવના કરો.'** જોકે વસ્તુ એક સમયમાં પૂર્ણ અનંત ગુણનો પિંડ એકરૂપ છે એ જ આશ્રય કરવા લાયક છે, પણ એમાં રહી શકે નહિ ત્યારે આ ગુણોના વિચાર કરવા, એમ કહે છે. સમજાણું કાંઈ?

**बे ते चउ पंच विणवहँ सत्तहँ छह पंचाहँ।**
**चउगुण-सहियउ सो मुणह, एयहँ लक्खण जाहँ।।७६।।**

**'તે આત્માને...'** તે પોતાના આત્માને **'બે, ત્રણ, ચાર, પાંચ, નવ, સાત, છ, પાંચ અને ચાર ગુણ સહિત જાણો.'** અહીં તો વિચાર વ્યવહારથી કરે તો આના વિચાર કરે, એમ કહે છે. સમજાણું કાંઈ? વચ્ચે ભક્તિનો, પૂજાનો, દાનનો વ્યવહાર આવે એ જુદી વાત છે પણ એણે વ્યવહાર કરવો તો નજીકનો આ વ્યવહાર છે. નિશ્ચય તો એકસ્વરૂપે ભગવાનઆત્મા અનંત ગુણનું એકરૂપ સ્વરૂપ (છે) એમાં એકાકાર, એનું લક્ષ કરીને એકાકાર થવું એ વસ્તુનું સ્વરૂપ અને નિશ્ચય એ (છે). પણ એમાં રહી શકે નહિ તો એમાં જવા પહેલાં, ઠરવા પહેલાં આવા ગુણના ભેદનો વિચાર કરે, એમ કહે છે. નજીકમાં નજીક ગુણના વિચારો કરવા એ એનો વ્યવહાર (છે), એમ અહીં કહે છે, ભાઈ! બીજો જે ભક્તિ, વ્રતાદિનો વ્યવહાર હોય કે બહારનો અમુક હોય. સમજાણું કાંઈ?

**'આત્માના ધ્યાન માટે આત્માના સ્વરૂપની ભાવના કરવી યોગ્ય છે.'** ભગવાનઆત્મા જેમાં અનંત વીતરાગતા, અનંત આનંદ એવા ગુણોનું એકરૂપ એવો આત્મા, તેને જ્ઞાયકભાવે ભાવવો, એકસ્વરૂપે ભાવવો એ મુખ્ય લક્ષણ છે, મુખ્ય કર્તવ્ય તો આ છે. સમજાણું કાંઈ? એમાં ન રહી શકે ત્યારે **'નિશ્ચયથી આ આત્મા એક સત્ પદાર્થ છે, જ્ઞાયક અખંડ પ્રકાશરૂપ છે. કેવળ અનુભવવા યોગ્ય...'** તો એ એક અખંડ વસ્તુ છે. સમજાય છે કાંઈ? ધર્મ કર્તવ્ય કરનારને એક જ્ઞાયકભાવ

સ્વભાવ, એનો અનુભવ કરવો એ એનું કર્તવ્ય છે. પણ '**વ્યવહારનયથી એના પ્રકાર વિચારી શકાય છે,...**' ઠીક લખ્યું છે. સમજાય છે કાંઈ?

આત્માનું કલ્યાણ કરવું હોય તો આત્મા કેવો છે એવો પહેલા એણે જાણવો જોઈએ અને જાણીને આત્માના રૂપમાં એકાગ્ર થાવું જોઈએ. જેમાંથી શાંતિ, ધર્મ, હિત દશા પ્રગટ થાય એવો આત્મા પહેલો બરાબર અનંત ગુણનું એકરૂપ સ્વરૂપ જાણીને એમાં જ લક્ષ કરવા જેવું છે પણ એમાં લક્ષ કરીને ઠરી શકે નહિ તો વ્યવહારનયથી એને વિચાર આવે, ભેદના વિચાર આવે. શું?



'**બે પ્રકારે વિચારીએ તો એ ગુણ પર્યાયવાન છે.**' એક પ્રકારે તો જ્ઞાયકભાવ છે એ તો એક વસ્તુ. સમજાણું કાંઈ? બહુ ટૂંકું છે. આ તો 'યોગસાર' છે ને! એક પ્રકારે તો જ્ઞાયક ચિદાનંદ પૂર્ણાનંદ પ્રભુ, એનો જ અનુભવ કરવો એ તો વસ્તુસ્થિતિ છે. એમાં ન રહી શકે તો બે ગુણનો વિચાર કરવો, એ વિકલ્પ ભેદ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ 'યોગસાર'નો વ્યવહાર પણ જુદી જાતનો (છે).

વસ્તુ જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદનો નાથ એકરૂપ વસ્તુ છે, એનું જ ધ્યાન, એનું લક્ષ, એની શ્રદ્ધા, એમાં ઠરવું એ જ મોક્ષાર્થીનું કર્તવ્ય છે, પણ એમાં ન રહી શકે ત્યારે વ્યવહારનયથી આ ગુણ અને પર્યાયવાળો છે એમ વિચાર આવે. એ વસ્તુ જે જ્ઞાયકભાવ, પૂર્ણ એકરૂપ વસ્તુ એમાં લક્ષ લઈને ઠરી શકે નહિ ત્યારે એ આત્મા ગુણ-પર્યાયવાળો છે એવા વિકલ્પ, વિચાર આવે. સમજાય છે કાંઈ? એના વિચાર આવે (કે) આ ગુણ-પર્યાયવાળો છે. બીજા આત્માઓ અને બીજી વાતની અહીં વાત નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર આવા હોય એ બધી વ્યવહારશ્રદ્ધા સ્થૂળમાં જાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ : એ ભળાતો નથી.

ઉત્તર : એ આ ભળાય એની જ વાત છે. ભાળનારો પોતાને ભાળીને વિચાર કરે છે. ભાળનારોદેખનારો કોણ છે? જડ છે? દેખનાર ભગવાન આત્મા પોતાના મૂળ સ્વરૂપને એકરૂપને દેખતો ઠરે એ તો એનું મૂળ કર્તવ્ય છે, એ તો એનું મૂળ આચરણ છે અને એ આચરણ મોક્ષનું કારણ છે. આહાહા..! એમાં ઠરી શકે નહિ, પુરુષાર્થની નબળાઈને લઈને, કમજોરીને લઈને વિકલ્પ ઊઠે. એકાકાર નિશ્ચયમાં ન ઠરી શકે તો ગુણનો વિચાર (કરે). આ આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત સ્વચ્છતા એવા ગુણો (ધરનારો છે), પણ એ આત્માના ગુણો અને એની અવસ્થા, એ ગુણ-પર્યાયવાળો છે એમ વિચાર આવે. એ પણ વ્યવહાર છે, વિકલ્પ છે, ભેદરૂપ વિચાર છે. લ્યો! સમજાણું કાંઈ?

'**પોતાની અંદર અનેક ગુણ અને પર્યાયો રાખે છે...**' ભગવાનઆત્મા એ વસ્તુ, વસ્તુ (છે). અંતરમાં પોતે ભગવાન અનંત ગુણ અને અનંત અવસ્થા રાખી રહેલ છે. વસ્તુનો એના ને એના ભેદથી વિચાર કરવો, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા જેને ધર્મ કરવો છે, જેમાં ધર્મ કરવો છે એવો ભગવાન પૂર્ણ સ્વરૂપ, એનું લક્ષ કરીને ઠરવું, એમાં ન રહી શકે તો આ આત્મા અનંત ગુણવાળો છે અને અનંત ગુણ છે તો એની પર્યાય પણ અનંત ગુણવાળી છે, પર્યાય

પણ અનંત છે એમ એને એકને બે પ્રકારે વિચારવો. આહાહા..! સમજાણું કાંઈ? એ પણ વ્યવહાર આવ્યો. સમજાણું કાંઈ?

એકડે એક ને બગડે બે. બે વિચાર આવ્યા એ વિકલ્પ આવ્યો (તો) બગાડ ઊભો થયો. એ ન ઠરી શકે તો આવા વિચારમાં રહેવું એટલી વાત ત્યાં લીધી છે. આહાહા..! અહીં તો મૂળ વાત છે ને! એ ભેદ પડ્યો એ ખરેખર યોગસાર નથી. એનો વ્યવહાર (છે). યોગસાર તો અખંડ જ્ઞાયકમૂર્તિ પ્રભુ, એનામાં અંતરમાં વળીને એકાકાર થવું એ જ એની વસ્તુ છે. પછી યોગસારની દશા યોગરૂપે જોડાવામાં કામ ન કરે તો એના ને એના આ ગુણો અને આ પર્યાયનું માહાત્મ્ય કરતો અંતર્મુખ સમાવાનો પ્રયત્ન કરે. સમજાણું કરે? આ તો એકલી માખણની વાત છે. ઓલા કહે, આમાં નિશ્ચયમાં વ્યવહારની વાત જ કરતા નથી. પણ એ વ્યવહારની વાત શી કરે? સાંભળને. બીજો વ્યવહાર વચ્ચે આવે, ભલે એ વખતે આવે પણ આ વ્યવહાર, એનો નજીકનો વ્યવહાર તો આ છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'અથવા એ જ્ઞાન દર્શન સ્વરૂપ છે.'** ભગવાનઆત્મા વસ્તુ, એના અનંત ગુણો, એની પર્યાય એ ભેદ પડ્યો, એ વ્યવહાર થયો અથવા ભગવાનઆત્મા દર્શન, જ્ઞાન સ્વરૂપ છે. એ પરમાત્મા પોતે એકસ્વરૂપમાં દર્શન, જ્ઞાન સ્વરૂપ છે એવા બે ગુણોથી વિચારવો એ પણ એક વ્યવહારનયનો વિકલ્પ છે. સમજાય છે કાંઈ? આવો ભારે ધર્મ ભાઈ વીતરાગનો! લોકોને એવું લાગે આ નિશ્ચયવાળા... મુનિને કહે, આ શું માંડી તમે? વ્યવહાર નાખ્યો તો આવો વ્યવહાર નાખ્યો? ઓલો વ્યવહાર કેમ આમાં રાખ્યો નહિ? એ વાત તો પહેલા થઈ ગઈ. જે કોઈને સ્વરૂપની દૃષ્ટિને સ્થિરતા થઈ અંતર એને પંચ મહાવ્રતના વિકલ્પ નિમિત્ત હોય છે અને પછી સ્વરૂપનું સાધન ઉગ્રપણે અંદર કરે છે. એ વાત પહેલા કહી ગયા છે. સમજાણું કાંઈ? અહીં તો અંતરમાં ભગવાન આત્માનું જ ઘોલન કરવામાં વ્યવહાર ઊભો થાય એની વાત કરે છે.

**'એ એક જ સમયમાં પોતાને અને સર્વ પર પદાર્થોને દેખનાર જાણનાર છે.'** એક જ કાળમાં ભગવાનઆત્મા બધાને જાણનાર અને દેખનાર એ છે. કોઈને મારું માનનાર કે કોઈને પોતામાં ભેળવનાર એ એના સ્વભાવમાં નથી, એમ કહે છે. એના સ્વભાવમાં જાણવું-દેખવું છે એમ કહે છે. એવો ભેદનો વિચાર કરવો. એનો સ્વભાવ જાણવું-દેખવું છે. અનંત લોકાલોક આદિ પદાર્થ (હોય), એમાં ક્યાંય જાણવા-દેખવા સિવાય એનો સ્વભાવ, આ મારું (અને) હું એનો એવું એના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? ઓહો!

આત્મ વસ્તુ જાણનાર ને દેખનાર એવો સ્વભાવ ધરનાર આત્મા છે. એ કોઈ પરને મારું માનનાર એવો સ્વભાવ ધરનાર નથી. તેમ હું પરનો છું એવો કોઈ સ્વભાવ ધરનાર નથી. પણ હું મને અને પરને જાણવાના-દેખવાના સ્વભાવનો ધરનાર છું, રાખનાર છું એવો પણ ભેદ તેને વ્યવહાર કહે છે. આહાહા..! 'માંગીરામજી'! ભારે વાતું. આ તે વીતરાગના વ્યવહાર! ઓલા રાડેરાડ પાડે છે, 'અરે...! વ્યવહાર...' ભગવાન! સાંભળને, ભાઈ! નિશ્ચયની દૃષ્ટિ અને અનુભવ થતાં ઠરી શકે નહિ ત્યારે વચ્ચે વ્યવહારબંધના કારણના ભાવ આવે પણ એ તો બંધના કારણના ભાવ (છે), એની હોંશ શી? જેનો ખેદ હોય એની હોંશ શી? શું કીધું? વ્યવહાર વચ્ચે આવે છે, ખેદ છે કે વચ્ચે આવે છે. એમ કહ્યું છે ને? એ હેતુ છે. ઓ..હો...!

ભગવાન આત્મા મારો ધ્રુવ સ્વભાવ, જેમાં એકરૂપપણું ત્રિકાળ (રહ્યું છે), એની અંતરમાં ધ્રુવમાં એકાકાર (થવું), એમાં જ રુચિ, એનું જ્ઞાન અને એની રમણતા (કરવી) એ જ વસ્તુ છે, એ કર્તવ્ય

છે, એ મોક્ષને માટે કારણરૂપ ભાવ છે પણ કહે છે કે, ભાઈ! એમાં ઠરી શકે નહિ. કમજોરી, પુરુષાર્થની બહુ નબળાઈ છે. તેથી એને વ્યવહાર આવે તો આવો વિચાર કરવો. એ તો જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર ભાવ ગુણને ધરનાર આત્મા છે. એવો વિચાર, વિકલ્પ આવે. આહાહા..! સમજાણું કાંઈ? બધો લોકાલોક રાગથી માંડી, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર કે છ દ્રવ્ય બધું, હું મારામાં રહીને જાણું-દેખું, હું મારામાં રહીને જાણું-દેખું એવા સ્વભાવનો ધરનાર તે હું આત્મા છું. એને એવા વિચારને પણ વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા..! એ.. 'ન્યાલભાઈ'! એને હજી પુણ્યબંધનું કારણ કહે છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

ભાઈ! પરમેશ્વરના પંથ તો કોઈ અલૌકિક છે. પોતે પરમેશ્વર છે. પરમ-ઈશ્વર, જેમાં ઈશ્વરની એકલી મોટપ, ઈશ્વરનો પુંજ ભગવાન પડ્યો છે. આત્મા એટલે એક ઈશ્વર નહિ. સમજાણું કાંઈ? એ જ્ઞાનગુણે ઈશ્વર, દર્શનગુણે ઈશ્વર, ચારિત્રગુણે ઈશ્વર, અનંત ગુણે ઈશ્વર, અનંત ગુણનો ઈશ્વર, એમ એ વિચાર કરે, કહે છે. એ પણ વિકલ્પ અને ભેદ છે, કહે છે. કહો, 'રતિભાઈ'! કેવું આ ભણતર હશે? તમારે તો એનું એ શીખવવું. દરરોજ એના એ ગડિયા અને એના એ પલાખાં. 'હિંમતભાઈ'! એનું એ ને? દરરોજ શું નવું હોય? હેં? બુકો નવી છપાય, કહે છે. બે-બે વર્ષે ફરતી હશે, નહિ? ન પણ ફરે. આ તો ફરે નહિ એવી વાત (છે). એક જ જાતનો ધંધો અને એક જ જાતની બુક.

ભગવાન આત્મા અનંત ગુણરાશિ પ્રભુ, એમાં અંતરમાં એકાકાર દૃષ્ટિ, રુચિ અને સ્થિરતા (થવી), એવી અખંડ વસ્તુની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા.. બસ! એ એનો મોક્ષનો માર્ગ (છે), પણ એમાં રહી શકે નહિ ત્યારે ઓલી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા હોવા છતાં આવો ભેદ ઊઠે. અમુક તો દૃષ્ટિ, જ્ઞાન અને એકાકાર હોવા છતાં એને આવા વિચારો આવે કે, ઓ..હો...! એનો એક એક ગુણ ઈશ્વર અને એની પર્યાય પણ ઈશ્વરવાન, એવા અનંતગુણની ઈશ્વરવાન પર્યાય અને ગુણ, એનો એ ધરનાર, એનો એ ધરનાર, એવો વ્યવહારનો વિકલ્પ એને આવે. કહો, સમજાણું આમાં? આહાહા..! અરે..! પરમેશ્વરના માર્ગ...! પરમેશ્વર આત્મા પોતે અને પરમેશ્વર ત્રિલોકનાથે બતાવેલો પંથ, એ તો અલૌકિક જ હોય ને, ભાઈ! લૌકિકની સાથે એનો મેળ ક્યાંય ખાય એવો નથી. દુનિયાની સાથે પરમેશ્વરના પંથને ક્યાંય મેળ છે નહિ. એવો દુનિયાથી તો અતડો છે. અતડાને શું કહે છે? ભિન્ન. અતડો એટલે બીજા સાથે મેળ ન ખાય એવું. અતડો અમારી કાઠિયાવાડી ભાષા છે. અતડો એટલે કોઈ સાથે મેળ ન ખાય, કોઈ સાથે ભળે નહિ. આમાં કાંઈ બોલાય એવું નથી. 'પ્રેમચંદભાઈ'ને કહું છું.

ત્રણ પ્રકારે વિચાર કરે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. આહા..! ભગવાન આત્મા પહેલા ગુણ-પર્યાયે જાણીને નક્કી અને દૃષ્ટિ કરી હોય અને જેણે દૃષ્ટિ નથી કરી એને પણ આવા વિચાર પહેલા આવે અને દૃષ્ટિ કરીને અનુભવ કર્યો હોય એને પણ ઠરે નહિ ત્યારે આવા વિચાર આવે, એને વ્યવહાર કહે છે. આ આત્મા એ ધ્રુવરૂપે શાશ્વત છે, નવી અવસ્થાથી ઉત્પન્ન થાય છે, જૂની અવસ્થાથી વ્યયઅભાવ થાય છે. એવું એનું ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ એ એક સ્વરૂપમાં ત્રણ ભેદે વિચારવો એનું નામ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આ વ્યવહાર આવે છે, વચ્ચે આવ્યા વિના રહેતો નથી, પણ છે એની હોંશ કરવા જેવી નહિ, એને અનુસરવા જેવું નહિ. આવે ખરો. આહાહા..! ભારે વાત, ભાઈ! કહ્યું ને ત્યાં? વ્યવહાર દર્શન, જ્ઞાન, ચારિત્રને ધરનારો તે આત્મા. પણ એ વ્યવહાર અનુસરવા યોગ્ય નથી, હોં! કહેનાર અને સાંભળનાર બેયને, કહે છે. આહાહા..!

(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં...)



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ–૧૫૧ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૧૬–૧–૧૯૮૩, પ્રવચન નં. ૫૫ (વિષય : માર્ગદર્શન)**

પ્રશ્ન :– તો પછી અમારે શાસ્ત્ર ભણવા કે નહીં?

સમાધાન :– આત્માના લક્ષે શાસ્ત્ર ભણવા તેમ પ્રવચનસારમાં કહ્યું છે કેમ કે શાસ્ત્રનું કહેવું એમ છે કે, ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત આનંદની મૂર્તિ છે, તેનું જ્ઞાન કરવું, અનુભવ કરવો. કરણાનુયોગ કે ચરણાનુયોગના ભણતરનો લાભ શું?—કે તે ચારેય અનુયોગ ભણવાનો ગુણ જે આત્માનો અનુભવ તે પ્રાપ્ત કરવો, તે શાસ્ત્ર ભણતરનો લાભ છે. એટલે કે આત્માનો અનુભવ કરવો તે શાસ્ત્રઅભ્યાસનું તાત્પર્ય છે. ૧૫૧.

*(ગતાંકથી આગળ, ૪૧-૦૦ મિનિટથી...)*

'કેમ કે શાસ્ત્રનું કહેવું એમ છે કે, ભગવાન **આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત આનંદની મૂર્તિ** છે,...' આત્મા તો ત્રિકાળ સત્ છે. ચિત્ નામ જ્ઞાન-દર્શનસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ છે. અને તે ચૈતન્યસ્વરૂપમાં કષાયનો સર્વાંશે અભાવ હોવાથી જ્ઞાન પોતે, શુદ્ધ જ્ઞાન પોતે રાગરહિત અને કષાયરહિત હોવાથી નિરાકુળ આનંદસ્વરૂપે છે, સુખસ્વરૂપે છે એવો પ્રભુ પ્રભુ છે. પ્રભુ છે એટલે એની પ્રભુતામાં ક્યાંય લાચારી અને દીનતા નથી. એને કોઈની આવશ્યકતા અને જરૂર નથી.

બિના કિસીકે અભી હી પૂર્ણ હું. 'સોગાનીજી' લખે છે કે 'ગુરુદેવ'ના ઉપદેશનો સાર મેં આ લીધો છે. સાર લીધો છે પોતે પણ ચડાવે છે ગુરુના નામે કે 'ગુરુદેવ'ના ઉપદેશનો સાર મેં આ લીધો છે કે કોઈના વિના હું અત્યારે જ પરિપૂર્ણ છું. એવી મારી પ્રભુતા છે. આવો પ્રભુ આત્મા કાયમ છે, અનાદિઅનંત છે. શાશ્વત છે એટલે અનાદિઅનંત છે.

**'આનંદની મૂર્તિ છે,...'** જેમ મીણની મૂર્તિ હોય છે, કોઈ ધાતુની મૂર્તિ હોય છે પાષાણની, એમ આનંદની જ આખી મૂર્તિ છે. બેહદ અપરિમિત આનંદ એની અંદર શાશ્વતપણે રહેલો છે. એમ નથી કે ક્ષણમાં ભોગવાયા પછી આનંદ નથી એમ નથી. પરિણામનો પ્રવાહ ચાલ્યો જાય છે. અનેક ગુણોનું પરિણમન સાધકદશાની અંદર શુદ્ધ-અશુદ્ધ મિશ્ર ભલે હો, પણ આવો આનંદમૂર્તિ આત્મા શાશ્વત ઊભો છે, અચલિતપણે ઊભો છે, એમાં ક્યાંય પ્રવાહિતપણું નથી. એવા આનંદઘનમાં કોઈ પ્રવાહિતપણું નથી. પરિણામ છે એ ભલે પ્રવાહિત હોય, વહેતી ચીજ હોય પણ આત્મા પ્રવાહિત નથી. આત્મા શાશ્વત ટંકોત્કીર્ણ એમ ને એમ રહે છે.

એવા શાશ્વત ત્રિકાળીનું જ્ઞાન કરવું, **'તેનું જ્ઞાન કરવું,...'** જ્ઞાન કરવું એટલે **'અનુભવ કરવો.'** આમ

શાસ્ત્ર ભણવાનો આ આશય છે. ભણે રાખવું એ તો એક રાગના જોરમાં થયા કરે છે કે આ કર્યા જ કરવું.. આ કર્યા જ કરવું... આ જ કરવું... આ જ કરવું... એમ નહિ. એમાં જે કહેવા માગે છે એનું અનુસરણ કરવું, એનું અનુકરણ કરવું, એમાં વળવું ત્યારે એને શાસ્ત્ર ભણતરનો ગુણ એવો ઉપચાર લાગુ પડે, નહિતર એને શાસ્ત્ર ભણતનો ગુણ છે એ વાત લાગુ પડતી નથી.

મુમુક્ષુ :- જ્ઞાન કરવું એટલે અનુભવ કરવો?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન કરવું એટલે અનુભવ કરવો. અને એક આત્મપ્રાપ્તિના લક્ષે જો સત્શાસ્ત્રનું અધ્યયન થાય તો એનું જ્ઞાન થયા વિના રહે નહિ—અનુભવ થયા વિના રહે નહિ. એવી સચોટ અનુભવની વિધિ અને કથનની શૈલીની સચોટતા સર્વ શાસ્ત્રોમાં અને સર્વ જ્ઞાનીઓના વચનમાં પ્રસિદ્ધપણે આવે છે. કોઈનું પણ વચન લ્યો. ચાહે 'અનુભવપ્રકાશ'નું 'દીપચંદજી'નું લ્યો, ચાહે 'સોગાનીજી'નું 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' લ્યો, ચાહે 'પૂજ્ય બહેનશ્રીના વચનામૃત' લ્યો. 'ગુરુદેવ'નું વચન લ્યો કે 'કુંદકુંદાચાર્ય'નું, 'અમૃતચંદ્રાચાર્ય'નું વચન લ્યો, બધામાં આત્મા સચોટપણે દેખાડવામાં આવ્યો છે. એવી સચોટ શૈલીથી દેખાડવામાં આવ્યો છે કે જીવને અનુભવ થયા વિના રહે નહિ. જો એ આત્મલક્ષે એનો સ્વાધ્યાય કરે તો. આટલી શરત છે.

પરલક્ષી જ્ઞાનમાં તો અંગ પૂર્વનું જ્ઞાન દ્રવ્યલિંગી પણ કરે છે અને અભવિ પણ કરે છે. અભવિ પણ દ્રવ્યલિંગી થઈ શકે છે. ત્યાં સુધી તો બાહ્યાચરણ શુભોપયોગની ક્રિયા પંચ મહાવ્રતની અને શાસ્ત્ર અધ્યયનની ક્રિયા અભવિને પણ થાય છે. બાર અંગ અને મુનિપણાનું ચોખ્ખું પાલન. અત્યારે છે એવું ગડબડવાળું નહિ પણ ચોખ્ખું પાલન અભવિ જીવો કરે છે. અગિયાર અંગ, નવ પૂર્વ ઉપરાંત. ચૌદ પૂર્વ નહિ. એમ. ત્યાં સુધી જાય. એનો કાંઈ અર્થ છે નહિ.

**'કરણાનુયોગ કે ચરણાનુયોગના ભણતરનો લાભ શું?'** વળી એમ કહે છે કે દ્રવ્યાનુયોગમાં આત્માનો દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિષય આવે અને એ ઠીક છે. પણ જે બીજા ત્રણ અનુયોગ છે, કરણાનુયોગમાં કર્મની વાત આવે, ચરણાનુયોગમાં બાહ્યાચરણની વાત આવે, કથાનુયોગમાં અનેક વ્યક્તિઓના ચારિત્રની વાત આવે. લ્યો ઠીક! એ એક આખો અનુયોગ છે. વ્યક્તિઓના ચારિત્રનો એક અનુયોગ છે કથાનુયોગ. ત્યાં વ્યક્તિ-પૂજાનો પ્રશ્ન છે નહિ. ભગવાનની વાણીની અંદર સંકલિત વિષય છે આખો.

જે કોઈ પુરાણ પુરુષો છે, જે કોઈ મહાત્માઓ થયા અને થશે તેની કથાઓ એ ચાર અનુયોગનો એક ભગવાનને સંમત એવો પ્રકાર છે. જ્ઞાનના અનુયોગમાં ભગવાનને સંમત એવો પ્રકાર છે, દિવ્યધ્વનિમાં એ વિષય આવેલો છે. દિવ્યધ્વનિમાં એમ આવ્યું. આ બહેનશ્રીએ પ્રસિદ્ધ કર્યું ને કે આ ફત્તેહમંદકુમાર ધાતુકી ખંડમાં સૂર્યકીર્તિ નામના તીર્થંકર થશે. વ્યક્તિ-પૂજાનો સવાલ નથી. એ કથાનુયોગનો વિષય થઈ જાય છે ત્યાં. ત્યાં તે મહાત્માનો તે પુરુષનો કથાનુયોગનો વિષય થાય છે કે જે દિવ્યધ્વનિને સંમત છે. એમ છે. વ્યક્તિ-પૂજા નથી. આ તો તમારા હિન્દીવાળા છાપે છે ને હવે બહુ, વ્યક્તિ-પૂજા ન કરો... વ્યક્તિ-પૂજા ન કરો. ભાઈ! એ ગુણ પૂજા છે, ખરી રીતે એ ગુણ પૂજા છે.

**'કરણાનુયોગ કે ચરણાનુયોગના ભણતરનો લાભ શું?'** એમ પૂછે છે. **'કે તે ચારેય અનુયોગ ભણવાનો ગુણ...'** લ્યો! જવાબમાં એમ આપ્યું છે. પ્રશ્ન બેનો લીધો છે, **'ચારેય અનુયોગ ભણવાનો ગુણ જે આત્માનો અનુભવ તે પ્રાપ્ત કરવો,...'** ચારેય અનુયોગમાં ક્યાંય આત્માના અનુભવનો વિષય બાદ રાખીને કોઈ અનુયોગ ચાલતો નથી. ભરત ચક્રવર્તી છે. એ બધા ત્રેસઠ શલાખાવાળા છે ને? ત્રેસઠ શલાખાવાળા છે. યુદ્ધ કરતા હોય છે, આખો દિવસ યુદ્ધ કરે. મારો, કાપોની લડાઈ ચાલે. સાયંકાળે યુદ્ધ વિરામ જાહેર થાય એટલે સંધ્યા કરવા બેસી જાય. આ બ્રાહ્મણો સવાર-બપોર સંધ્યા કરે છે ને? સંધ્યા કહો કે સામાયિક

કહો. પોતાના સ્વરૂપ ચિંતવનમાં શુદ્ધોપયોગમાં આવે છે. ક્ષાયિક સમ્યગ્દષ્ટિ છે ને? લડાઈની પ્રક્રિયા બંધ થાય અને શુદ્ધોપયોગમાં આવે છે. એણે અંદરમાં રાગને કેટલો માર્યો હશે એ અહીંયાં વિચારી શકાય એવો વિષય છે. અહીંયાં શાસ્ત્ર વાંચી... વાંચી... વાંચીને એનો થડ નીકળી જાય તો ઉપયોગ શુદ્ધ થાતો નથી. કેમ પણ આટલી બધી જ્ઞાનની ક્રિયા કરે છો ને? એને તો કષાયની ક્રિયા ચાલે. વળી તે પણ અશુભ ઉપયોગ. લડાઈનો ઉપયોગ તો અશુભ ઉપયોગ છે. દ્વેષ ને ક્રોધ. સામે કોઈ સ્પર્ધા કરે એવો સરખો હોય તો ઉપયોગ એવો જરા તીવ્ર થઈને પણ ચાલે. પણ લડાઈ બંધ કરીને બેસે ત્યાં શુદ્ધોપયોગમાં આવે.

એને કેટલો આત્મરસ હશે કે જેને શુદ્ધોપયોગમાં આવતા વાર લાગતી નથી અને એણે કેટલો રાગરસ માર્યો હશે કે એને એ રાગ ટળતા વાર લાગતી નથી. ઘણું દઢ. અંતરનું પરિણમન કેટલું જામ થઈ ગયું હશે કે જેણે ચારિત્ર અંગીકાર કરતા કેવળજ્ઞાન લીધું. છઠ્ઠા ગુણસ્થાનમાં ન આવ્યા. મુનિદશાના વ્યવહારચારિત્રમાં જ પરિણમ્યા નહિ એ. કેમકે જ્યારે વિધિ કરી ત્યારે તો મુનિદશા નહોતી આવી. ત્યારે તો હજી ચોથું ગુણસ્થાન હોય છે, પંચમ ગુણસ્થાન હોય છે. ધ્યાન કરે ત્યારે પ્રથમ, દીક્ષા પછી પહેલું ધ્યાન કરે ત્યારે સપ્તમ ગુણસ્થાન આવે ત્યારે ભાવલિંગ ભાવમુનિદશા કહેવામાં આવે. બસ! ત્યાંથી તો શ્રેણી માંડી દીધી. છઠ્ઠા ગુણસ્થાનમાં વિકલ્પમાં આવે તો બહાર સંયમનું પાલન કરવું એ પ્રકાર આવે ને? એ પ્રકારમાં આવ્યા નહિ. કેટલી અંદરમાં પરિણતિ જામ થઈ ગઈ હશે પહેલેથી! એ બધું ચરણાનુયોગ અને કરણાનુયોગમાંથી નીકળે છે. પ્રથમાનુયોગમાંથી એ નીકળે છે તો ચરણાનુયોગ ને કરણાનુયોગમાં નીકળે એમાં પ્રશ્ન રહેતો નથી.

ભરત ચક્રવર્તીના એ પ્રકરણમાંથી શુદ્ધાત્માના અનુભવનો વિષય નીકળે છે, એવા સર્વના ચરિત્રોમાંથી નીકળે છે તો કરણાનુયોગમાંથી અને ચરણાનુયોગમાંથી ન આવે એ પ્રશ્ન રહેતો નથી. કેમકે કરણાનુયોગમાં પણ જે કર્મની વ્યવસ્થા છે, કર્મના ફળ છે, ફળના ભોગવટાના સ્થાન છે, જે ત્રણ લોકની રચના છે એ ત્યાંથી માંડી બધું કરણાનુયોગમાં આવે છે. અને ગુણસ્થાન અનુસાર તે તે કર્મબંધનના પ્રકાર, એનો ઉદય, એની સ્થિતિ, એના અનુભાગ, ઉદીરણા, અપકર્ષણ, ઉપકર્ષણ, સંક્રમણ આદિ જે કાંઈ પ્રકાર આવે છે એમાં જીવના પરિણામ કેવા થાય છે? ક્યારે કેટલી શુદ્ધિ હોય ત્યારે કેવા પરિણામ થાય? અશુદ્ધિ વધે ત્યારે કેવા થાય? એમ અશુદ્ધિ શુદ્ધિ સાપેક્ષ હોવાથી, અશુદ્ધિ પોતે શુદ્ધિ સાપેક્ષ હોવાથી આત્માની શુદ્ધતાનું પ્રકરણ એમાં આવ્યા વિના રહેતું નથી. એટલે કરણાનુયોગમાં પણ આવે છે.

ચરણાનુયોગમાં તો આચરણનો જ વિષય છે આખો. બાહ્યાચરણ મોક્ષમાર્ગી જીવને ચોથા ગુણસ્થાને, પાંચમા ગુણસ્થાને, છઠ્ઠા–સાતમા ગુણસ્થાને કેવું હોય કે જ્યારે અંતરંગ શુદ્ધિ, આત્મસ્થિતિ—સ્થિરતા કેટલી વધી હોય? ત્યારે ક્યા પ્રકારનો રાગ ટળે? રાગનું જે ટળવું છે એ સ્વરૂપસ્થિરતાને વશ છે. એ વિષય આવ્યા વિના રહે નહિ.

વ્રત એટલે રોકાવું. વ્રતનો મૂળ અર્થ થાય છે રોકાવું. ક્યાં રોકાવું? કે શુદ્ધાત્મામાં સ્થિર થવું એને રોકાવું કહે છે. અને અશુદ્ધિમાં જતું રોકાવું. રોકાવું એટલે શું ? અશુદ્ધિમાં જતું રોકાવું અને શુદ્ધતામાં સ્થિર થઈને રોકાવું એને વ્રત કહેવામાં આવે છે. એવું અંતરંગ નિશ્ચય શુદ્ધ વ્રત હોય ત્યારે તેને અનુકૂળ બાહ્ય ભોગ-ઉપભોગના સાધનોનું નિમિત્ત ન હોય. રાગ ન હોય અને રાગનો વિષય ન હોય ત્યારે એને વ્યવહારવ્રત એવું નામ આપવામાં આવે છે. એ નિશ્ચયવ્રતના સદ્‌ભાવમાં હોય છે. એ વગેરે ચરણાનુયોગમાં પણ આત્મા અને આત્માની શુદ્ધતાનો વિષય આવ્યા વિના રહેતો નથી.

તો કહે છે કે '**ચારેય અનુયોગ ભણવાનો ગુણ...**' છે અથવા લાભ છે '**જે આત્માનો અનુભવ તે પ્રાપ્ત કરવો,...**' સ્વરૂપમાં સ્થિર થવું, સ્વરૂપમાં વળવું, સ્વરૂપનું લક્ષ કરવું '**તે શાસ્ત્ર ભણતરનો લાભ છે. એટલે કે**

**આત્માનો અનુભવ કરવો તે શાસ્ત્રઅભ્યાસનું તાત્પર્ય** છે.' સરવાળો આ છે. સર્વ કથનનો સાર આ છે એમ કહ્યું. ભલે શાસ્ત્ર કથનની શૈલીની અનેક વિધવિધતા હો, એ વિવિધતા ક્યાં કેવી કેમ છે એનું વિદ્વતા પૂર્ણ જ્ઞાન ભલે ન હો, એનું કોઈ પ્રયોજન નથી, પણ એક આત્મ પ્રાપ્તિ કરવાની જો કળ હાથમાં આવી, જ્ઞાનકળા હાથમાં આવી.

'બનારસીદાસ' કહે છે કે હું તો, મોક્ષમાર્ગમાં શિવમાર્ગ એણે કહ્યો છે, આત્માના કલ્યાણના માર્ગમાં કેલી કરતા જીવને હું જોઉં છું અને હું તો એને હાથ જોડીને વંદન કરું છું. 'કરે કર જોડી બનારસ વંદન.' કેમકે ભગવાનના માર્ગમાં ભળેલો જીવ છે એને એ ભગવાન જ જોવે છે. એના પરિણામ સહિત એને ભગવાન જોવે છે. જ્યારે એ પોતે જ્ઞાની છે. જ્ઞાની પોતે જ્યારે આટલા બહુમાનથી જ્ઞાનીને જોવે છે કે જિનેશ્વરના લઘુનંદનને હું હાથ જોડીને વંદું છું. ત્યારે મુમુક્ષુને તો પરમેશ્વરબુદ્ધિ થયા વિના રહે નહિ. એ એની સ્થિતિ છે. એકનું બહુમાન આવે ત્યારે એ કહે એમાંથી એને ગજનો આંકો સૂઝે. નહિતર કોઈ રીતે સૂઝે નહિ. એ પરિસ્થિતિ છે.

## તા.૪-૨-૧૯૮૩, પરમાગમસાર બોલ-૧૬૭, પ્રવચન નં.૬૫૭

**વિષય : માર્ગદર્શન**

**આનંદરસકંદ પ્રભુનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધભાવ છૂટતા નથી. ને અશુદ્ધ સંસ્કાર છૂટ્યા વિના સ્વરૂપનો અનુભવ થતો નથી. રાગની એકતાના સંસ્કાર છૂટ્યા વિના શુદ્ધસ્વરૂપનો અનુભવ થતો નથી. ને શુદ્ધસ્વરૂપનો અનુભવ થયા વિના રાગની એકતાના સંસ્કાર છૂટતા નથી. મહિમાવંત એવા પ્રભુનો મહિમા આવ્યા વિના તુચ્છતાના પામરતાના સંસ્કાર છૂટશે નહીં. ને તુચ્છતાના-પામરતાના સંસ્કાર છૂટ્યા વિના મહિમાવંત પ્રભુની મોટાઈ લાગશે નહીં. તેથી અશુદ્ધતા જાય ને શુદ્ધતા થાય તે એક જ કાળે છે. ૧૬૭.**

'પરમાગમસાર' પાનું-૪૯. ૧૬૭ મો બોલ છે. આ બોલ 'કળશટીકા' કળશ-૨૯ ઉપરના પ્રવચનમાંથી છે. કળશનો વિષય છે... ૨૯ કળશ. ટીકામાં તો વિસ્તાર છે. સાદો અર્થ સામાન્ય એવો છે કે રાગાદિ ભાવ છૂટ્યા નથી ત્યાં અનુભવ થઈ ગયો. એવો વિષય છે. સાદો અર્થ એનો એવો છે.

મુમુક્ષુ :- બેયનો એક કાળ છે એમ?

પૂજ્ય ભાઈશ્રી :- એક કાળ છે.

'આ પરભાવના ત્યાગનું દૃષ્ટાંત કહ્યું...' શ્લોકાર્થ. **'આ પરભાવના ત્યાગના દૃષ્ટાંતની દૃષ્ટિ, જૂની ન થાય એ રીતે...'** બીજો સમય થાય તો જૂની થાય ને? એમ. **'જૂની ન થાય એ રીતે અત્યંત વેગથી જ્યાં સુધી પ્રવૃત્તિને પામે નહિ, તે પહેલાં જ તત્કાળ સકલ અન્યભાવોથી રહિત પોતે જ આ અનુભૂતિ તો પ્રગટ થઈ ગઈ.'** '**આવિર્બભૂવ**' આવિર્ભાવ થયો. વિશેષપણે થયો તે '**બભૂવ**' કહ્યું. આવિર્ભવ, '**આવિર્બભૂવ**' પરભાવનો ત્યાગ થયો ત્યાં તો અનુભૂતિ થઈ ગઈ એમ કહે છે. સ્વામીત્વ ઉઠ્યું એમ.

દૃષ્ટાંત આપ્યો છે ત્યાં, ધોબીના કપડાનું. ધોબીને ત્યાંથી કોઈ બીજાનું તેજ મીલનું તેવું જ કપડું. એક મીલ, એક જ કિનારનું, એક જ રંગનું. સફેદ હોય તો સફેદ, એવું ને એવું એક જ મીલનું કપડું હોય અને અને ભૂલથી એકનું બીજાને ત્યાં આવ્યું હોય, સજ્જન માણસ એનું ચિહ્ન જોવે છે કે ધોબી મારું ચિહ્ન આવું કરતો નથી. મારા કપડા ઉપર જે મારા નામનું ચિહ્ન કરે છે એ તો આના ઉપર નથી. કપડું તે મીલનું તેવું જ છે છતાં મારું નથી. એવું જે જ્ઞાન થાય છે કે આ મારું નહિ, ત્યાં સ્વામીત્વ ખલાસ થઈ ગયું એનું.

એમ અહીંયાં પરદ્રવ્ય ને પરભાવ મારા નહિ એવું જ્યાં જ્ઞાનમાં આવે છે ત્યાં અનુભૂતિ ઉત્પન્ન થઈ જાય છે એમ કહે છે. એ જ કાળે. એ વિષય છે. કળશનો જે વિષય છે એ એ પ્રકારે છે કે પરભાવનો ત્યાગ અને સ્વભાવનું ગ્રહણ એક જ કાળમાં થાય છે, વારાફરતી થાય છે એમ નથી. અંધકારનો નાશ અને પ્રકાશનો ઉત્પાદ એક જ કાળમાં થાય છે. બોલાય એમ કે પહેલા અંધકાર હતો તે ગયો અને પ્રકાશ થયો. કેમકે અંધકાર તો હતો અને પ્રકાશ નહોતો. તો બોલવામાં એવો ક્રમ પડે. અને એના ઉપરથી કોઈ એમ સમજે કે પહેલા અંધકાર ચાલ્યો જાય પછી પ્રકાશ આવી શકે એવું નથી. અંધકારનું જવું અને પ્રકાશનું થવું એક જ સમયમાં છે. કળશમાં એ વિષય છે.

હવે 'ગુરુદેવશ્રી'ની જે શૈલી છે એમાં અનુભવપૂર્ણ વિશેષતા છે એવી વાત એ પ્રવચનમાં આવી છે એટલે અહીંયાં જુદી તારવીને ખેંચી છે. '**આનંદરસકંદ પ્રભુનો આસ્વાદ આવ્યા વિના અશુદ્ધભાવ છૂટતા નથી.**' શું કહે છે? કે જગતમાં ઘણા જીવો અશુદ્ધભાવ, દોષભાવ એની મલિનતા જાણીને બુદ્ધિથી પણ, અનુભવથી પણ એની મલિનતા જાણીને છોડવા ચાહે છે કે આવા દોષના પરિણામ મને ન હો. જગતમાં અનેક જીવો સન્માર્ગને પામ્યા વિના પણ. એમ. સત્યમાર્ગને પામ્યા વિના પણ એવું તો ઈચ્છે છે કે હિંસા ન હો, જૂઠ ન હો, ચોરી ન હો, અનેક પ્રકારના રાગ-દ્વેષ-મોહના જે વિધવિધ દોષિત પરિણામ છે એ ન હો એવું ઈચ્છે છે તોપણ તે અશુદ્ધભાવ છૂટતા નથી કેમકે... એમ લેવું છે. આનંદરસકંદ પ્રભુનો આસ્વાદ આવ્યો નથી. આમ છે. અસ્તિમાં નાસ્તિ છે. વસ્તુ ખાલી નથી રહેતી. જે પર્યાય છે એમાં દોષિત ભાવો છે એ નાશ થાય તો શું આવે? અને શું આવે તો નાશ થાય? બસ! આટલી વાત છે એની અંદર.

એટલે એમ કહે છે કે કોઈ જીવ પોતાને વિષે એમ વિચારતો હોય કે મને રાગ, દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ ન જોઈએ, મારે એવું ન હો, એમ જો કોઈ વિચારણા હોય, કોઈ જીવના ચિત્તમાં એવી વિચારણા હોય એને એ જાણવું આવશ્યક છે કે આનંદનો રસકંદ આત્મા છે, પ્રભુ આત્મા આનંદનો રસકંદ છે એના આસ્વાદની હયાતીમાં એ છૂટશે. એનું વેદન આવશે, એનો આસ્વાદ આવશે, એવી હસ્તી પરિણામમાં ઊભી થશે ત્યારે એ છૂટશે. ત્યાં સુધી એવી અશુદ્ધતા સમ્યક્ પ્રકારે એટલે કે વાસ્તવિકપણે છૂટવી સંભવિત નથી. ભલે કોઈ જીવોને બાહ્ય ત્યાગના પાંચ ઈન્દ્રિયના વિષયોનો બાહ્ય ત્યાગ થતાં તે વિષયો આશ્રિત પરિણામ પ્રગટપણે દેખવામાં આવે નહિ, છતાં તે દોષ તેને છૂટ્યો છે એમ કહી શકાય નહિ. '**આનંદરસકંદ પ્રભુનો આસ્વાદ આવ્યા વિના...**' આમ છે. કેમ? કે ત્યાં તે કષાયો મંદપણે પ્રવર્તે છે, તે તે ભાવો મંદપણે પ્રવર્તે છે. તે મંદતામાંથી ઉગ્રતા થઈ આવે છે. કેમકે અભાવ થયો નથી. એમ.

મૂળ સાજુ છે, જે વનસ્પતિનું મૂળ સાજુ છે,

બળવાન છે એને પાંગરતા વાર લાગતી નથી. કેટલાક આ પીપળા જેવા ઝાડ એવા થાય છે કે ભીંતમાં ઊગે, દિવાલમાં ઊગે છે. પીપળા ખાસ કરીને એવા છે. પીપળાનું ઝાડ એવું છે, એનું મૂળ બહુ ઊંડુ હોય છે. દિવાલમાં ઊગે. એને ખાતર ને પાણી કાંઈ ન મળતું હોય. છતાં એકવાર એના બીજમાંથી મૂળ છે એ એવું મજબુત થઈ ગયું હોય. ભલે બે વેંતનો પીપળો, એક, દોઢ, બે વેંતનો પીપળો થયો હોય અને દિવાલમાંથી એને ન કાપે, મૂળમાંથી ન કાપે. કેમકે સાથે દિવાલ તોડવી પડે. અને ઉપરથી તોડી લે, કાપી લે તો પાછા એને પાંદડા થાય. પાંગરે છે એ. કેમકે મૂળ સાજુ છે.

જૈનદર્શન છે એ દોષના મૂળમાંથી એનો નાશ કરવાની એની પદ્ધતિ, અનુભવપૂર્ણ રીતે નાશ કરીને કહે છે. એમ કહે છે. એનો આ સિદ્ધાંત મૂક્યો. 'ગુરુદેવશ્રી'ની ભાષામાં આ જગ્યાએ બહુ સારો ધ્વનિ આવ્યો છે કે ભાઈ! '**આનંદરસકંદ પ્રભુનો આસ્વાદ આવ્યા વિના...**' અંદર જે આનંદઅમૃત ભર્યું છે એ અમૃતનો આસ્વાદ આવ્યા વિના તને આ જે અશુદ્ધતારૂપ દોષ છે એ દોષનું જે ઝેર છે એનો સ્વાદ ઝેરપણે તને નહિ ઓળખાય. આમ છે. સામે સામું છે. આત્મા સ્વરૂપ જે આનંદઅમૃત છે, એનો આસ્વાદ જે આનંદઅમૃત છે એનો અનુભવ થાય છે ત્યારે જીવને સમ્યક્ પ્રકારે મૂળમાંથી દોષનો ક્ષય થાય છે. એવી સ્થિતિમાં પરિપૂર્ણ દોષ નાશ ન થયા હોય અને અલ્પ દોષ રહ્યા હોય એનું સ્વરૂપ તેના જ્ઞાનમાં આવે છે.

દોષ થાય છે એની અવસ્થામાં. છદ્મસ્થ જીવને રાગાદિ પરિણામ ચારિત્રમોહના એની અવસ્થામાં થાય છે. ચારિત્રમોહ પણ થાય છે, ચારિત્રનો રાગ પણ થાય છે, ચારિત્રનો દ્વેષ પણ થાય છે. ચારિત્રમાં નીચેના ચોથે-પાંચમે ગુણસ્થાને આર્ત અને રૌદ્ર ધ્યાન પર્યંતના પરિણામ થાય છે. પરંતુ એને જ્ઞાનમય પરિણામ (છે). જ્ઞાનીના પરિણામ જ્ઞાનમય કેમ કહ્યા? કે એને ત્યાં એ જાણે છે કે આ ઝેર છે. એવું એને જ્ઞાન વર્તે છે. જ્ઞાનીને એ જ્ઞાન વર્તે છે કે આ ઝેર છે. એટલે એના પરિણામ ઝેરમય નહિ પણ જ્ઞાનમય છે એમ કહ્યા. આ વિશેષતા છે. અને એ એને ઝેર કેમ જાણે છે? કે અંદરમાં આનંદરસકંદ, આનંદઅમૃતનો આસ્વાદ વેદાય છે, પ્રત્યક્ષપણે વેદાય છે. એવી જે જ્ઞાનધારા છે એમાં આનંદઅમૃતની ધારા છે. એ જ્ઞાનધારા છે, એ અમૃતધારા છે, એ સુધાધારા છે. 'અનુભવપ્રકાશ'માં એવો શબ્દ વાપરે છે. એ સુધાધારા છે, એ ચૈતન્યધારા છે, એ આત્મધારા છે, એ પ્રત્યક્ષ છે. એ પ્રત્યક્ષ છે એટલે એને મેળવણી કરવા માટે પણ વિકલ્પ કરવો પડતો નથી. જે કાંઈ કષાયકણ ઉત્પન્ન થાય છે એમાં એને ઝેરનો પ્રત્યક્ષ અનુભવ થાય છે.

તેથી એમ કહે છે કે બીજા કોઈપણ પ્રકારે '**અશુદ્ધભાવ છૂટતા નથી.**' સિવાય કે જીવને આનંદરસકંદ પ્રભુનો આસ્વાદ આવે. એ ન આવે ત્યાં સુધી એના વિના કદી અશુદ્ધભાવ છૂટતા નથી. ભલે ત્યાગી થઈને જંગલમાં જાય અને ત્યાં જઈને પણ ઊંધે માથે લટકીને તપશ્ચર્યા કરે. આ જાય છે ને? અઘોરી બાવાઓ નગ્ન થાય છે. જંગલમાં જાય, પંચાગ્નિ તપને તપે છે. પણ જો ગુસ્સો આવ્યો હોય તો એની આંખ સામે કોઈ જોઈ શકે નહિ. લાલઘૂમ આંખ. આ બધું જોયેલું છે, હોં! અમારે નાનપણમાં ત્યાં ગામ નાનું 'રાણપુર'. ફરતા ફરતા જંગલમાંથી એક-બે આવેલા. ખરે બપોરે ઉનાળાના અગિયાર વાગે ત્યારે તપ શરૂ કરે. તડકો તપવાનો શરૂ સરખાઈનો થાય, માટીમાં પગ દાઝવાના શરૂ થાય ત્યારે એની તપશ્ચર્યા શરૂ થાય. પછી સાવ

*(પ્રવચનનો શેષ અંશ પૃષ્ઠ-૧૭ ઉપર)*

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી-સીડી-૬ A



પ્રશ્ન :- હે માતાજી! પૂજ્ય 'ગુરુદેવ'ની વાત ઘણો ટાઈમ આવી છતાં અંતર પુરુષાર્થ ઉપડતો નથી તો એનું શું કારણ? અથવા મુમુક્ષુજીવને ધારણાજ્ઞાનમાં તત્ત્વ સમજાયા પછી પુરુષાર્થ માટે કઈ રીતે અંતરમાં કાર્ય કરવું જોઈએ, એ આપ કૃપા કરીને સમજાવશો.

ઉત્તર :- પુરુષાર્થ ઉપડે અને એનું કારણ પોતાનું છે. 'ગુરુદેવે' તો ઘણું સમજાવ્યું છે. ધારણાજ્ઞાન કર્યું પણ અંતરમાંથી પોતાને લાગવું જોઈએ. અંતર વિચારી લીધું, ધારી લીધું પણ નિર્ણય પોતે યથાર્થ અંતરમાંથી આવવો જોઈએ. પોતે કરતો નથી. પોતાના પુરુષાર્થની મંદતા છે. પોતાના પુરુષાર્થની મંદતા (છે). એટલી આત્માની લાગી નથી કે મારે આત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. અંતરમાંથી એટલી લગની લાવી જોઈએ કે આ આત્મા જ સર્વસ્વ છે. બીજું કાંઈ આ વિભાવમાં ક્યાંય સુખ કે શાંતિ નથી. સુખ-શાંતિ હોય તો એક આત્મામાં જ છે. એવી અંતરની જિજ્ઞાસા, લગની બધું લાગવું જોઈએ તો થાય. એ કર્યા વગર થાય નહિ. એનો વિચાર કરવો જોઈએ, નક્કી કરવું જોઈએ કે આ જ આત્મા છે. આ જે જ્ઞાનસ્વભાવ તે જ આત્મા. એ સિવાયનું બીજું કાંઈ પોતાનું સ્વરૂપ નથી. એ જ્ઞાયકની અંદર અનંતા ગુણો ભરેલા છે, અનંતી શક્તિઓ ભરેલી છે, બધું આત્મામાં છે. બહાર ક્યાંય નથી.

જીવ અનંત કાળથી બધું બહાર ગોત્યા કરે છે કે બહારમાંથી જાણે જ્ઞાન આવશે, બહારમાંથી સુખ આવશે. બધું બહારમાં ગોતે છે. બહારમાં નથી. ગુરુ માર્ગ બતાવે છે. એ નિમિત્ત બને છે. પણ પુરુષાર્થ કરવાનો તો પોતાને રહે છે. ઉપાદાન પોતાનું તૈયાર હોય તો એ નિમિત્ત તો તૈયાર જ છે. ઉપાદાનની ખામી છે માટે થઈ શકતું નથી. નિમિત્ત તો 'ગુરુદેવ'નું પ્રબળ હતું. વાણી એમની જોરદાર (હતી). બીજાને અંદરમાંથી ભેદજ્ઞાન થાય એવી વાણી હતી. ચારે પડખેથી સ્પષ્ટ કરતા હતા. પણ પોતાની ઉપાદાનની ખામી હોય એટલે એ થઈ શકતું નથી. એ ઉપાદાનની તૈયારી પોતે કરવાની રહે છે. કરે તો થાય એવું છે. બધા અનંતાએ કર્યું છે અને પોતાનો સ્વભાવ છે, ન થઈ શકે એવું નથી. એ દુર્લભ કહેવાય પણ પોતાનો સ્વભાવ છે માટે સુલભ છે, કરી શકાય એવું છે.

પ્રશ્ન :- 'શ્રીમદ્જી'માં આવે છે કે જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે કે જે એક નિષ્ઠાએ તન, મન અને ધનની આસક્તિનો ત્યાગ કરીને એની ભક્તિમાં જોડાય. તન, મન અને ધન એ કઈ રીતે શું કહેવા માગે છે?

ઉત્તર :- ગુરુની આજ્ઞાનું આરાધન. ગુરુ જે કહી રહ્યા છે, ગુરુ જે માર્ગ બતાવી રહ્યા છે તે માર્ગે પોતે ગુરુની આજ્ઞાનું આરાધન કરે. ગુરુ જે કહે છે કે તારો આત્મા જુદો છે. તું અંતરમાં જો, એમાં જ બધું છે, બહાર ક્યાંય નથી. એ તો વારંવાર 'ગુરુદેવ' કહેતા હતા કે તું આત્મા જુદો, આ

તારું સ્વરૂપ નથી. ઓલું આવે છે શાસ્ત્રમાં, ભૂલથી કપડું ભૂલી જાય છે. તો વારંવાર એને કહેવામાં આવે ત્યારે એ સમજે છે કે આ મારું વસ્ત્ર નથી, ભૂલથી આવી ગયું છે. એમ વારંવાર ગુરુ કહે છે કે તું જુદો જ્ઞાયક આત્મા છો. એમ વારંવાર કહે. પણ પોતે અંદરથી સમજે તો થાય. ગુરુની આજ્ઞાનું આરાધન તનથી—શરીર ઉપર પણ લક્ષ નથી. તનથી, મનથી. મનથી પણ ગુરુ કહે એ બરાબર છે અને વચનથી પણ ગુરુ કહે એ બરાબર છે.

તન-મન-ધન. ધનને મારે શું કરવું છે? ગુરુની આજ્ઞામાં બધું અર્પણ છે. એવી પરિગ્રહની મમતા પણ મારે કાંઈ નથી જોઈતું. જે ગુરુ કહે એ બરાબર છે. ગુરુની આજ્ઞાનું આરાધન... બધાથી છૂટી જા, બધાથી પરપદાર્થના લોભથી છૂટી જા, બધેથી છૂટી જા એમ ગુરુ કહે છે. માટે અંતરમાંથી તું બધેથી છૂટી જા. ગુરુને અર્પણ. ગુરુને ક્યાં ધન જોઈએ છે? ગુરુને તો ધન જોઈતું નથી. પણ તન-મન અને ધન પોતાનો લોભ છોડાવી દે (કે) આ પરદ્રવ્ય કાંઈ મારું સ્વરૂપ નથી, આ ધન મારું સ્વરૂપ નથી, કોઈ મારું સ્વરૂપ નથી. મારે કાંઈ જોઈતું નથી. ગુરુ કહે છે કે કાંઈ તારું નથી તો બધું ગુરુને અર્પણ કરું છું. એમ એને ભાવના છે.

ગુરુને તો કાંઈ જોઈતું નથી. ગુરુ કહે છે કે શરીર પણ તારું નથી. તો શરીર પણ પરદ્રવ્ય છે. તો શરીર ઉપરથી રાગ છૂટી જાય. બધા ઉપરથી રાગ છૂટીને તું તો જુદો આત્મા છો એમ ગુરુ બતાવી રહ્યા છે. ત્યાં કોઈ જાતનો એને આગ્રહ કે કોઈ પક્કડ રહેતી નથી. અંદરથી છૂટી જાય છે. ગુરુની આજ્ઞાનું આરાધન. ગુરુ જે કહે એ બધું એને પ્રમાણ થાય છે. અંતરમાં રુચિમાં બેસી જાય છે બધું. બહારથી છોડી દે એવો એનો અર્થ નથી. અંદરથી એને મમતા છૂટી જાય છે.

પ્રશ્ન :- માતાજી! ગુરુની નિશ્ચય-આજ્ઞા તો તું તારા આત્માનો આશ્રય કર (એમ છે), પણ એની સાથે વ્યવહાર-આજ્ઞા એ પણ આની સાથે લઈ લેવું જોઈએ?

ઉત્તર :- વ્યવહાર-આજ્ઞા પણ લઈ લેવું જોઈએ. હા. ગુરુ એક શબ્દ કહે તો એ શબ્દ પોતે બરાબર ગ્રહણ કરી લે. ગુરુ કહે એ બધું સ્વીકાર કરી લે.

પ્રશ્ન :- એમાં પણ એક નિષ્ઠાએ તન-મન અને ધનથી એની આજ્ઞાને સંમત થવું જોઈએ?

ઉત્તર :- તન-મન અને ધનથી બધી રીતે. ગુરુ તો વિવેકી હોય છે. કાંઈ વગર વિચાર્યું કહેતા નથી. એ તો વિવેકી હોય છે. તારે એમાં વિકલ્પ કરવાનો હોતો નથી. ગુરુ તો વિવેકી જ હોય છે. એ બરાબર સમજીને બોલતા હોય છે. તારે તર્ક કરવાની જરૂર નથી. જે એ શબ્દ કહે એ તું પ્રમાણ કરજે. એ તો વિવેકી હોય છે.

પ્રશ્ન :- વ્યવહારની કોઈપણ વાત હોય તોપણ આ જીવે ત્યાં એની પોતાની બુદ્ધિ ન ચલાવવી?

ઉત્તર :- પોતાની બુદ્ધિ નહિ ચલાવવી. ગુરુ વિવેકી છે. બધું કાંઈક સમજીને કહેતા હશે. પોતાની પાત્રતા, તારી પાત્રતા એવી હશે માટે તને એમ કહેતા હશે. એમ અર્થ લેવાનો કે મારી પાત્રતા પ્રમાણે કહે છે.

પ્રશ્ન :- માતાજી! આશંકા કરીને પણ પૂછ્યું કે કોઈ ઠેકાણે ક્ષયોપશમથી પણ ભૂલ થાય અને પોતાની બુદ્ધિમાં બેસે કે આ તો બરાબર નથી, તોપણ એનો સ્વીકાર કરવામાં એનું હિત રહેલું છે.

ઉત્તર :- એનું હિત જ છે. ગુરુની ભૂલ કાઢવી એ તો બરાબર નથી. અપ્રયોજનભૂત વાતમાં આનું આમ છે એમ કરવું એ યોગ્ય નથી. પ્રયોજનભૂત વાત તો ગુરુ તો મોક્ષમાર્ગે ચાલ્યા છે એમાં પ્રયોજનભૂતમાં કાંઈ ફેર નથી. ક્ષયોપશમમાં કોઈ ઓલામાં ભૂલ ફેરફાર થાય તો એ પોતે સ્વીકાર કરતો નથી. એ કાંઈ આગળ કરવા જેવું છે જ નહિ. ગુરુ કહે એ પ્રમાણ છે.

પ્રશ્ન :- તોપણ ગુરુને સ્વીકાર્ય. ગુરુ કહે એ જ એને સંમત હોય?

ઉત્તર :- એ સંમત છે. ગુરુ કહે એ પ્રમાણ છે.

પ્રશ્ન :- એમાં એને નુકસાન જવાનું નથી.

ઉત્તર :- એમાં એને નુકસાન નહિ થાય. ઓલું એને નુકસાન થાશે. આ ગુરુની ભૂલ છે એમ જોયા કરે તો એની ભૂલ છે. એને પોતાને નુકસાન થાય છે. તું ક્યાં અને ગુરુ ક્યાં છે. તું તો એક તારો ક્ષયોપશમ માત્ર છે. ગુરુ તો મુક્તિના માર્ગે ક્યાંય ચાલ્યા છે. તારા ક્ષયોપશમને મુખ્ય કરીને તારી મોટાઈ કર્યા કરે છે તો એ તને નુકસાન થાય છે. ક્ષયોપશમ જ્ઞાનને ગૌણ કરી દેવાનું છે.

પ્રશ્ન :- બહારથી એમ લાગે કે એમનું સ્વીકારવું જોઈએ, કોઈ વખત એમનાથી ભૂલ થતી હોય તો આપણે એમને કહેવું જોઈએ કે આમ ન હોવું જોઈએ. એવો માતાજી વિકલ્પ જે આવે છે, આપને કહું છું. પણ આપ કહો છો કે નહિ, ખરેખર તો ગુરુ જે કહે એને જ સ્વીકારવામાં એનું હિત રહેલું છે.

ઉત્તર :- પોતાનું હિત તો એમાં જ રહેલું છે, ગુરુ કહે એ સ્વીકારવામાં. ગુરુની આગળ એમ કહેવું કે આનું આમ છે એ કાંઈ યોગ્ય નથી. 'કુંદકુંદાચાર્ય' જેવા કહે છે કે આ પ્રમાણ કરજો, સ્વીકાર કરજો. આમાં ક્યાંય ભૂલ થાય, ક્યાંય શબ્દની કે એની, તો દોષ ગ્રહણ કરશો નહિ, છળ ગ્રહણ કરશો નહિ. આચાર્ય જેવા ક્યાં પહોંચેલા છે એ બોલી રહ્યા છે કે છળ ગ્રહણ કરશો નહિ. તો એને નુકસાન થાશે. ક્યાં આચાર્ય પહોંચેલા! ક્યાં ગુરુ પહોંચેલા! એને ભૂલ દેખાડવા તું કોણ સમર્થ છો? ગુરુ ને એનાથી જે મોટા હોય એ એને કહી શકે, તું કહેવાને લાયક નથી.

પ્રશ્ન :- એટલે પોતાનું માપ જ ખોટું છે.

ઉત્તર :- ખોટું છે.

પ્રશ્ન :- વીતરાગમાર્ગમાં આવો પરમ વિવેક તો ખાસ આવશ્યક છે.

ઉત્તર :- પરમ વિવેક હોવો જોઈએ.

પ્રશ્ન :- બીજી ઘણી આવડત હોય પણ જો આ જાતનો વિવેક ન હોય તો...

ઉત્તર :- તો સ્વચ્છંદ છે. નુકસાનનું કારણ છે.

પ્રશ્ન :- આપ તો બરાબર જ્ઞાન ફરમાવી રહ્યા છો. તું જ્ઞાયક છો, અકર્તા છો. કાલે પ્રવચનમાં આવ્યું કે કર્તા, કર્મ, કરણ પણ તું જ છો. અનાદિ કાળથી સંસારમાં પરિભ્રમણ આ કરે છે એનું કારણ આ વૈભાવિક ગુણ કે વૈભાવિક શક્તિ જે જીવમાં પડેલી છે તે કારણ છે? અને તે જો કારણ છે તો તેનું આગમમાં ઘણું વિસ્તારથી કથન શા માટે નથી વૈભાવિકવાળી શક્તિનું?

ઉત્તર :- એનું કારણ વૈભાવિક શક્તિ છે. એની પોતાની એવી વિભાવરૂપે પરિણમવાની એવી જીવની યોગ્યતા છે. માટે એ વિભાવરૂપે કર્તા, કરણ, સંપ્રદાન વિભાવરૂપે પરિણમી રહ્યો છે. વિભાવગુણનું વર્ણન

પંચાધ્યાયીમાં આવે છે, બીજે ક્યાંય નથી આવતું વૈભાવિક શક્તિનું. પણ એની યોગ્યતા વગર તો થાતું નથી. એની એવી વૈભાવિકરૂપે પરિણમવાની યોગ્યતા છે માટે થાય છે. તો જે સ્વભાવ જેનો છે એ સ્વભાવમાંથી વિભાવ કેમ થાય છે? એનું કારણ પરદ્રવ્ય તો કાંઈ કરી શકતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને જો કરી શકતું હોય તો ચૈતન્ય દ્રવ્ય પરાધીન થઈ જાય. પરાધીન થાય તો એ જ્યારે માર્ગ આપે ત્યારે થાય અને પોતે પુરુષાર્થ કરી શકે જ નહિ. પણ જીવ બધી રીતે સ્વતંત્ર છે. વિભાવમાં સ્વતંત્ર અને સ્વભાવમાં સવતંત્ર. વિભાવ થાય છે એમાં કર્મ નિમિત્તમાત્ર છે. પોતાની એ રીતે પરિણમવાની યોગ્યતા વગર કોઈ પરાણે પરિણમાવી શકતું નથી.

સ્ફટિક સ્વભાવે નિર્મળ છે. એ નિર્મળ છે તો એમાં જે લાલ, પીળા જે પ્રતીબિંબો ફૂલના નિમિત્તે પડે છે એ સ્ફટિકની યોગ્યતા છે. એમાં ઓલા લાલ, પીળા ફૂલ પ્રતિબિંબ પરાણે કરાવતા નથી. સ્ફટિક પોતે નિર્મળ છે તોપણ એવા પ્રતિબિંબ પડવાની યોગ્યતા છે માટે થાય છે. કોઈ કરી દેતું નથી. એમ ચૈતન્યમાં એવી યોગ્યતા છે. એને વૈભાવિક ભૂલ કહો, એની યોગ્યતા કહો, જે કહો તે. વૈભાવિક શક્તિની વ્યાખ્યા પંચાધ્યાયીમાં આવે છે, બીજે ક્યાંય આવતી નથી.

પ્રશ્ન :- વૈભાવિક શક્તિ એટલું મોટું કામ કરી રહી છે કે આ સંસારમાં આ રીતે જીવ આ શક્તિને કારણે જ પોતાને ભૂલેલો ફરે છે. તો એનું વિવેચન બીજા આગમોમાં ખુલાસારૂપે, ઘણા વિસ્તારરૂપે નથી એનું શું કારણ?

ઉત્તર :- અનાદિ કાળથી આ પરિભ્રમણ કરી રહ્યો છે પણ આચાર્યદેવ કહે છે કે એ પરિભ્રમણ કરી રહ્યો છે. આચાર્યદેવને એનું કાંઈ મહત્ત્વ લાગ્યું નથી. એને સ્વભાવનું મહત્ત્વ લાગ્યું છે. સ્વભાવની વ્યાખ્યા કરી છે. એમાં વિભાવ કેમ થાય છે? એ એની યોગ્યતા એમાં ભેગી આવી જાય છે. આચાર્યદેવને એનો વિસ્તાર કરવાનું કાંઈ મહત્ત્વ લાગ્યું નથી એટલે વિસ્તાર આવતો નથી. એને દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. દરેક દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર છે. એ વાત કરી એમાં એ આવી જાય છે. માટે એમને એનું કાંઈ પ્રયોજન લાગ્યું નથી કે એનું કાંઈ મહત્ત્વ લાગ્યું નથી. એમ એનો અર્થ થાય છે.

પ્રશ્ન :- સ્વભાવની આગળ કાંઈ વિભાવની મહત્તા દેખાય નહિ એટલે એનું વર્ણન નથી કર્યું.

ઉત્તર :- એટલે એનું વર્ણન આવતું નથી.

પ્રશ્ન :- ... છે તો અનાદિનું.

ઉત્તર :- છે તો અનાદિનું. પણ આચાર્યદેવ કહે છે, તું પોતાને ઓળખ એટલે એ છૂટી જવાનું છે. એમ. તું પોતાને ઓળખ. તને પરિભ્રમણ થાય છે, તારે કારણે તારી ભૂલથી થાય છે માટે તું ફેરવી નાખ. ભૂલ થવાનું કારણ શું? આચાર્યદેવ એનો વિસ્તાર કરતા નથી કે તું જ કારણ છો. તારી ભૂલને લઈને તું રખડ્યો છો.

પ્રશ્ન :- એના વિરોધમાં એમ પણ કહેવાય છે કે એવી કોઈ તારામાં શક્તિ જ નથી કે જેના કારણે તને વિભાવરૂપ પરિણમવું પડે. એવો તારામાં કોઈ ગુણ જ નથી એવો કે તારે વિભાવરૂપ પરિણમવું પડે એમ કહે. વિભાવરૂપ પરિણમન તો અનાદિથી સંસારમાં ચાલી જ રહ્યું છે ને.

ઉત્તર :- ચાલી તો રહ્યું છે. માટે એનું કારણ કોઈ એનામાં ગુણ નથી એવો પણ તારી યોગ્યતાને

કારણે જ તું પરિણમી રહ્યો છો. એનો અર્થ એ છે. તારી યોગ્યતા ન હોય તો કર્મ પરાણે પરિણમાવતું નથી. જો કર્મ પરિણમાવતું હોય તો કોઈનો મોક્ષ જ થાય નહિ. જીવ પરાધીન થઈ ગયો. કર્મ કરે ત્યારે થાય. કર્મ માર્ગ આપે અને કર્મ મોક્ષ કરે. બધું કર્મથી થયું. પછી કાંઈ પોતાનું કારણ તો રહ્યું નહિ બધું. મોક્ષ આખો પરાધીન થઈ ગયો. એવું તો હોય નહિ. પોતે પુરુષાર્થ કરે.

દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના તું તારા પુરુષાર્થથી કર. તારી ભૂલ થાય એનું તને પ્રાયશ્ચિત, પ્રત્યાખ્યાન એ બધો વ્યવહાર નકામો જાય. કારણ કે કર્મ જ બધું કરે છે પછી તારે ક્યાં પુરુષાર્થ કરવાનો રહે છે? માટે તું પુરુષાર્થ કર, તું આરાધના કર, તું ઉપદેશ સાંભળ, તું અંદર બદલી જા. એ બધું કહેવામાં આવે છે એનો અર્થ એમ થાય કે તારી ભૂલથી જ તું રખડ્યો છો. નિમિત્ત કરી દેતું હોય તો પોતાને કરવાનું કાંઈ રહેતું જ નથી.

પ્રશ્ન :- આપનું એમ કહેવું છે કે ત્રિકાળી સામર્થ્ય નહિ હોવા છતાં પર્યાયમાં યોગ્યતા તો પોતાની જ છે જીવની?

ઉત્તર :- પોતાની જ છે યોગ્યતા. પોતાની યોગ્યતા વગર થાતું જ નથી. પલટે છે પોતે, કરે છે પોતે. નિમિત્તમાત્ર છે. નિમિત્ત કરી દે તો તદ્દન પરાધીન થઈ ગયો. પોતાની કાંઈ યોગ્યતા હોય જ નહિ તો એકલો પરાધીન થઈ ગયો. તો પછી આરાધન કરવાનું, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનું પોતાને આધીન કાંઈ રહેતું જ નથી. કર્મ કરે ત્યારે થાય બધું. તો એનો ઉપદેશ દેવામાં આવે છે કે તું આરાધના કર, સમ્યગ્દર્શન પ્રાપ્ત કર, ચારિત્ર પ્રગટ કર એ બધું કહેવામાં આવે છે. એ બધું નિષ્ફળ છે જો પોતે કરી શકતો ન હોય તો.

---

*(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ પ્રવચન...)*

સાંજે રાત્રે આહાર લે. તે તડકો નમે સાડા-ચાર પાંચ પછી (પૂરી થાય). પૂરા તડકામાં ફરતી અગ્નિ(નું) કુંડાળુ કરી નાખે, ધોમ ધખાવે અને ઊંધે માથે રહે, એક પગે રહે, ઊંધે માથે રહે, પદ્માસને રહે. જુદા જુદા માણસો જુદી જુદી રીતે તપશ્ચર્યા કરે. પણ જો એ ગરમ થયા હોય તો એના બોલવાના શબ્દોનું કે બીજું કાંઈ પછી ઠેકાણું રહે નહિ. સજ્જન માણસ પણ ન બોલી શકે. ગડબડ એવી થઈ જાય. અંદર ભર્યું છે, મૂળમાંથી કપાય નહિ ત્યાં સુધી શું થાય? એ તો બધી બહારની ક્રિયા છે, રાગની ક્રિયા છે. શરીરની ક્રિયા, રાગની ક્રિયા એ ધૂન ચડે તો મનોબળ તો સામાન્ય પ્રાણીને પણ કેળવે તો એટલું બધું હોય કે માથુ ઉતારીને આપી દે. મનોબળ એવી ચીજ છે કે એક રાગ અને દ્વેષને આશ્રિત જોર કરે તો પોતાના હાથે માથુ ઉતારીને સામે આપી દ્યે એવા માણસો હોય છે. પણ સમ્યક્ પ્રકારે દોષનું ટાળવું એ એક જુદી તાકાત માગે છે, જુદી શક્તિ માગે છે.

એટલે 'શ્રીમદ્જી' એવું લખે છે કે કોઈ ભુજાએ કરીને સ્વયંભુરમણસમુદ્ર તરે કે એકલે હાથે દસ હજાર સુભટને, સૈનિકને નહિ, સુભટને—સોલ્જરને હરાવે, એના કરતા દર્શનમોહ ટાળે એની શક્તિ વિશેષ છે. આમ લીધું છે. એની શક્તિ વિશેષ છે. એને જે અંતરંગ આત્મશક્તિનો વિકાસ થયો એ અનંત શક્તિના પિંડના આધારે કર્યો છે. એનો આધાર ભગવાન છે- પોતાનો નિજપ્રભુ છે.

*(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં)*

કદાપિ આપ જણાવો છો તેમ અહંપણું આડું આવતું હોય તો તેનો જેટલો બને તેટલો રોધ કરવો; અને તેમ છતાં પણ તે ન ટળતું હોય તો તેને ઈશ્વરાર્પણ કરી દેવું; તથાપિ દીનપણું ન આવવા દેવું. શું થશે ? એવો વિચાર કરવો નહીં, અને જે થાય તે કર્યા રહેવું. અધિક ઝાવાં નાખવા પ્રયત્ન કરવું નહીં. અલ્પ પણ ભય રાખવો નહીં. ઉપાધિ માટે ભવિષ્યની એક પળની પણ ચિંતા કરવી નહીં; કર્યાનો જે અભ્યાસ થઈ ગયો છે, તે વિસ્મરણ કર્યા રહેવું; તો જ ઈશ્વર પ્રસન્ન થશે, અને તો જ પરમભક્તિ પામ્યાનું ફળ છે; તો જ અમારો તમારો સંયોગ થયો યોગ્ય છે, અને ઉપાધિ વિષે શું થાય છે તે આપણે આગળ ઉપર જોઈ લઈશું. 'જોઈ લઈશું' એનો અર્થ બહુ ગંભીર છે.

સર્વાત્મા હરિ સમર્થ છે. આપ અને મહંત પુરુષોની કૃપાથી નિર્બળ મતિ ઓછી રહે છે. આપના ઉપાધિયોગ વિષે જોકે લક્ષ રહ્યા કરે છે; પણ જે કંઈ સત્તા છે તે તે સર્વાત્માને હાથ છે. અને તે સત્તા નિરપેક્ષ, નિરાકાંક્ષ એવા જ્ઞાનીને જ પ્રાપ્ત હોય છે, જ્યાં સુધી તે સર્વાત્મા હરિની ઈચ્છા જેમ હોય તેમ જ્ઞાનીને પણ ચાલવું એ આજ્ઞાંકિત ધર્મ છે, ઈત્યાદિક વાત ઘણી છે. શબ્દે લખી શકતો નથી, અને બીજો કોઈ સમાગમ સિવાય એ વાત કરવાનો ઉપાય હાથમાં નથી; જેથી જ્યારે ઈશ્વરેચ્છા હશે ત્યારે એ વાત કરશું.

ઉપર જે ઉપાધિમાંથી અહંપણું મૂકવાનાં વચનો લખ્યાં છે, તે આપ થોડો વખત વિચાર કરશો, ત્યાં જ તેવી દશા થઈ રહે એવી આપની મનોવૃત્તિ છે; અને એવી ગાંડી શિક્ષા લખવાની સર્વાત્મા હરિની ઈચ્છા હોવાથી મેં આપને લખી છે; માટે જેમ બને તેમ એને અવધારજો. ફરી પણ આપને વિજ્ઞાપન છે કે ઉપાધિ વિષે જેમ બને તેમ નિઃશંકપણે રહી ઉદ્યમ કરવો. કેમ થશે ? એ વિચાર મૂકી દેવો.

આથી વિશેષ ચોખ્ખી વાત લખવાની યોગ્યતા હાલ મને ઈશ્વરે આપવાનો અનુગ્રહ કર્યો નથી; વિનંતી છે. એ સિવાય હું કંઈ બીજું લખવા યોગ્ય નથી. આ વિષય વિષે સમાગમે આપણે વાતચીત કરીશું. કોઈ રીતે આપે દિલગીર થવું નહીં. આ ધીરજ આપવા તરીકેની જ સમ્મતિ છે એમ નથી, પણ જેમ અંતરથી ઊગી તેમ આપેલી સમ્મતિ છે. વધારે લખી શકાતુ નથી; પણ આપે આકુળ રહેવું ન જોઈએ; એ વિનંતી ફરી ફરી માનજો. બાકી અમે તો નિર્બળ છીએ. જરૂર માનજો કે નિર્બળ છીએ; પણ ઉપર લખી છે જે સમ્મતિ તે સબળ છે; જેવી તેવી નથી; પણ સાચી છે. આપને માટે એ જ માર્ગ યોગ્ય છે.

આપ જ્ઞાનકથા લખશો. 'પ્રબોધશતક' ભાઈ રેવાશંકર હાલ તો વાંચે છે. રવિવાર સુધીમાં પાછું મોકલવું ઘટશે તો પાછું મોકલીશ, નહીં તો રાખવા વિષે લખીશ; અને તેમ છતાં તેના માલિક તરફની ઉતાવળ હોય તો જણાવશો તો મોકલી આપીશ.

આપનાં બધાં પ્રશ્નોનો મારી ઈચ્છાપૂર્ણ ઉત્તર લખી શક્યો નથી, ઉપાધિયોગને લીધે; પણ આપ મારા અંતરને સમજી લેશો, એમ મને નિઃશંકતા છે. લિ. આજ્ઞાંકિત રાયચંદ.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જૂન–૨૦૨૦)નું શુલ્ક ઉપકૃત મુમુક્ષુવૃંદ તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**




પત્રાંક ૨૧૭

મુંબઈ, માહ સુદ, ૧૯૪૭

પરમ પૂજ્ય,

આપને સહજ વાંચનના ઉપયોગાર્થે આપના પ્રશ્નનો ઉત્તરવાળો કાગળ આ સાથે બીડું છું.

પરમાત્મામાં પરમ સ્નેહ ગમે તેવી વિકટ વાટેથી થતો હોય તો પણ કરવો યોગ્ય જ છે. સરળ વાટ મળ્યા છતાં ઉપાધિના કારણથી તન્મયભક્તિ રહેતી નથી, અને એકતાર સ્નેહ ઊભરાતો નથી. આથી ખેદ રહ્યા કરે છે અને વારંવાર વનવાસની ઈચ્છા થયા કરે છે. જોકે વૈરાગ્ય તો એવો રહે છે કે ઘર અને વનમાં ઘણું કરીને આત્માને ભેદ રહ્યો નથી, પરંતુ ઉપાધિના પ્રસંગને લીધે તેમાં ઉપયોગ રાખવાની વારંવાર જરૂર રહ્યા કરે છે, કે જેથી પરમ સ્નેહ પર તે વેળા આવરણ આણવું પડે; અને એવી પરમ સ્નેહતા અને અનન્ય પ્રેમભક્તિ આવ્યા વિના દેહત્યાગ કરવાની ઈચ્છા થતી નથી. કદાપિ સર્વાત્માની એવી જ ઈચ્છા હશે તો ગમે તેવી દીનતાથી પણ તે ઈચ્છા ફેરવશું. પર પ્રેમભક્તિની પૂર્ણ લય આવ્યા વિના દેહત્યાગ નહીં કરી શકાય એમ રહે છે; અને વારંવાર એ જ રટના રહેવાથી 'વનમાં જઈએ' 'વનમાં જઈએ' એમ થઈ આવે છે. આપનો નિરંતર સત્સંગ હોય તો અમને ઘર પણ વનવાસ જ છે.

ગોપાંગનાની જેવી શ્રીમદ્ ભાગવતમાં પ્રેમભક્તિ વર્ણવી છે, એવી પ્રેમભક્તિ આ કળિકાળમાં પ્રાપ્ત થવી દુર્લભ છે, એમ જોકે સામાન્ય લક્ષ છે, તથાપિ કળિકાળમાં નિશ્ચળ મતિથી એ જ લય લાગે તો પરમાત્મા અનુગ્રહ કરી શીઘ્ર એ ભક્તિ આપે છે.

જડભરતજીની શ્રીમદ્ ભાગવતમાં સુંદર આખ્યાયિકા આપી છે; એ દશા વારંવાર સાંભરી આવે છે. અને એવું ઉન્મત્તપણું પરમાત્માને પામવાનું પરમ દ્વાર છે. એ દશા વિદેહી હતી. ભરતજીને હરણના સંગથી જન્મની વૃદ્ધિ થઈ હતી અને તેથી જડભરતના ભવમાં અસંગ રહ્યા હતા. એવાં કારણથી મને પણ અસંગતા બહુ જ સાંભરી આવે છે; અને કેટલીક વખત તો એવું થઈ જાય છે કે તે અસંગતા વિના પરમ દુઃખ થાય છે. યમ અંતકાળે પ્રાણીને દુઃખદાયક નહીં લાગતો હોય, પણ અમને સંગ દુઃખદાયક લાગે છે. એમ અંતર્વૃત્તિઓ ઘણી છે કે જે એક જ પ્રવાહની છે. લખી જતી નથી; રહ્યું જતું નથી; અને આપનો વિયોગ રહ્યા કરે છે. સુગમ ઉપાય કોઈ જડતો નથી. ઉદયકર્મ ભોગવતાં દીનપણું અનુકૂળ નથી. ભવિષ્યની એક ક્ષણનો ઘણું કરીને વિચાર પણ રહેતો નથી.

'સત્—સત્' એનું રટણ છે. અને સત્‌નું સાધન 'તમે' તે ત્યાં છો. અધિક શું કહીએ? ઈશ્વરની ઈચ્છા એવી છે, અને તેને રાજી રાખ્યા રહ્યા વિના છૂટકો નથી. નહીં તો આવી ઉપાધિયુક્ત દશામાં ન રહીએ; અને ધાર્યું કરીએ, પરમ પીયૂષ અને પ્રેમભક્તિમય જ રહીએ! પણ પ્રારબ્ધકર્મ બળવત્તર છે!

આજે આપનું એક પત્ર મળ્યું. વાંચી હૃદયગત કર્યું. એ વિષે આપને ઉત્તર ન લખીએ એવી અમારી સત્તા આપની પાસે યોગ્ય નહીં; તથાપિ આપને, અંતર્ગત સમજાયું છે, તે જણાવું છું, કે જે કંઈ થાય છે તે થવા દેવું, ન ઉદાસીન, ન અનુદ્યમી થવું; ન પરમાત્મા પ્રત્યે પણ ઈચ્છા કરવી અને ન મૂંઝાવું.